# અધિક્ષક ઈજનેરશ્રીનીકચેરી

## રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ-વડોદરા

પ્રથમ માળ, વાલ્મિકી બંગલો, સર્કિટ હાઉસ કેમ્પસ,

અલ્કાપુરી,વડોદરા-૩૯૦૦૨૦

ફોન નં.(૦૨૬૫) ૨૪૧૨૩૨૦

Email:- senh_vad@yahoo.com


**જા.નં:એન.એચ.સી/ટીસી/ ૧૬૯૧ /૨૦૨૫** **તા : ૧૬/૧૨/૨૦૨૫**

પ્રતિ,
કાર્યપાલક ઈજનેરશ્રી,
રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ,
ભરુચ.

વિષય :- સિંગલ ટેન્ડર ખોલવાની મંજૂરી આપવા બાબત.

કામનું નામ :- Engaging Consultancy Service for assisting supervision of the work, quality control of work, survey, investigation, report preparation etc. for the works of Construction of New Major Bridge Over Purna river near Viraval between Ch. Km. 363/000 to 363/600 (Kasbapar – Viraval – Navsari road) on NH - 64 in Navsari District In the state of Gujarat on EPC mode. (Job No : 64/GJ/2024-25/773).

સંદર્ભ :- આપની કચેરીના પત્રક્રમાંક :એન.એચ.ડી/ટીસી/૧૬૭૦/૨૦૨૫, તા. ૦૮.૧૨.૨૦૨૫.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉક્ત કામનું સિંગલ ટેન્ડર ખોલવા માટેની મંજૂરી સંદર્ભિત પત્રથી માંગવામાં આવેલ છે. જે અન્વયે જણાવવાનું કે ગુજરાત સરકાર,માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના સૂચના ક્રમાંક : TNC/10/2017/03/C (R&B), તા.૧૮.૦૨.૨૦૨૫ ના પત્રથી આપેલ સૂચના મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

.

અધિક્ષક ઇજનેર
રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ
વડોદરા

ફોન નં: (૦૨૬૪૨)૨૪૩૪૦૮
(૦૨૬૪૨)૨૪૧૪૨૬
nhdbharuch22@gmail.com

NATIONAL HIGHWAY DIVISION

કાર્યપાલક ઈજનેરશ્રી ની કચેરી
રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ,
જીલ્લા સેવા સદન ભાગ-૧,
નવી કોર્ટની બાજુમાં, ભરૂચ

જા.નં.એનએચડી/ટીસી/૧૬૭૦ /૨૦૨૫ | તા. ૮ /૧૨ /૨૦૨૫

| | |
|---|---|
| શાખા | TC |
| અ.ઇ. | |
| ના.કા.ઇ. | |
| ક.અધિ. | |
| આ.નં. | 1679 |
| તારીખ | 16/12/25 |

પ્રતિ,
અધિક્ષક ઇજનેર,
રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ,
વડોદરા

**વિષય :-** સિંગલ ટેન્ડર ખોલવાની મંજુરી આપવા બાબત.

કામનું નામ:- **Engaging Consultancy Service for assisting supervision of the work, quality control of work, survey, investigation, report preparation etc. for the works of Construction of New Major Bridge over Purna river near Viraval between Ch,Km.363/000 to 363/600 (Kasbapar-Viraval-Navsari road) on Nh-64 in Navsari District in the State of Gujarat on EPC mode. (Job No.64/GJ/2024-25/773)**

ઉપરોક્ત વિષય અન્વયે સાદર જણાવવાનું કે, ઉપર જણાવેલ કામ અંગે જાહેર પ્રસિધ્ધિ દ્વારા ઇ.ટેન્ડર પધ્ધતિથી તથા તેને આનુસંગિક સુધારાઓ દ્વારા ટેન્ડરો આમંત્રિત કરવામાં આવેલ હતા. પ્રથમ પ્રયત્ન નિવિદા તા.૨૩/૦૯/૨૦૨૫ થી મંગાવેલ હતું. જે તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ ખોલવામાં આવતાં તેમાં એક જ ઇજારદારશ્રી ભાગ લેતાં બીજા પ્રયત્ન થી જાહેર નિવિદા તા.૧૭/૧૦/૨૦૨૫ થી મંગાવેલ હતું. જે તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ ખોલવામાં આવતાં તેમાં એક જ ઇજારદારશ્રી ભાગ લેતાં ત્રીજા પ્રયત્ન થી જાહેર નિવિદા તા.૦૭/૧૧/૨૦૨૫ થી મંગાવેલ હતું. જે તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ ખોલવામાં આવતાં ફરીથી એક જ ઇજારદારશ્રી આવેલ છે. ઉપરોક્ત કામનું ઓરિજીનલ વર્ક ટેન્ડરની ફાઇનાન્સીઅલ બીડ ખોલતાં ટેન્ડર મંજુરી અર્થે છે. આમ, ઉપરોક્ત કામની અગત્યતા હોય સીગલ બીડ ટેન્ડર ખોલવાની મંજુરી આપવા આપને નમ્ર વિનંતી.

કાર્યપાલક ઇજનેર
રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ
ભરૂચ

E:NHD/SAC/Letter/Guj letter-2025

જે કામ માટે એકજ ટેન્ડર આવેલ હોય તે
ટેન્ડર પુન : માંગવા બાબત

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
સુચના ક્રમાંક : TNC-10-2017-03-C(R&B)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૧૭

સંદર્ભ :– પીડીડબલ્યુ / ૧૦૨૦૦૭ / (ભાગ – ૧) ર

**પ્રસ્તાવના :–**

અનુભવે પ્રસ્થાપિત થયેલ છે કે, બાંધકામની કામગીરી માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે કેટલીક વાર એક જ ઈજારદાર દ્વારા ટેન્ડર ભરવામાં આવે ત્યારે આ ટેન્ડર વિભાગીય કક્ષાએ ખોલ્યા બાદ વર્તુળ કચેરીમાં તથા કેટલાંક કિસ્સામાં સરકારમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવે છે, તેમજ કેટલીક વાર ટેન્ડર નામંજુર કરી પુન: માંગવાનો નિર્ણય કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગ દર્શિકા પ્રમાણે પ્રથમવારનું સીંગલ ટેન્ડર નહી ખોલવા અને આવું સીંગલ ટેન્ડર ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ પણ એક માત્ર ટેન્ડર આવેલ હોય, તેવા કિસ્સામાં આવુ ટેન્ડર મંજુર નહી કરીને ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે અને ત્યાર પછીના પ્રયત્નોમાં પણ એક જ ટેન્ડર આવે તો આવુ ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા વિચારણા કરી શકાશે.

**ઠરાવ :–**

પુખ્ત વિચારણાને અંતે ઉકત સંજોગોમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે કામ / પેકેજ માટે માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવેલ હોય તેવા કામ / પેકેજના ટેન્ડરને Single Tender ગણવાનું રહેશે. આ પ્રકારના કિસ્સામાં ટેન્ડર ખોલવાનું રહેશે નહી તથા ટેન્ડર પુન : માંગવાનું રહેશે. માત્ર વિશિષ્ટ સંજોગો, જેવા કે કુદરતી આપત્તી અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરોમાં પુરતાં કારણો તેમજ અભિપ્રાય સાથે Single Tender સ્વીકારવા માટે રજુ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરી શકાશે.

(૨) બીજી વાર માંગવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એક જ ટેન્ડર ભરાઈને આવે, તો તે ખોલીને આવુ ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણા કરવાની રહેશે.

આ હુકમો તાત્કાલીક અસરથી અમલમાં આવે છે આ ઠરાવ નાણા વિભાગની ફાઈલ ક્રમાંક : ટીઈએન / ૨૦૧૬ / એફએ (મા.મ.) પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.એન. મિસ્ત્રી)
ઉપ સચિવ (...)
માર્ગ અને મકાન વિભાગ

Signature Not Verified
Digitally signed by VIPUL SUMANLAL PANCHAL
Date: 2025.12.20 10:54:57 IST
Location: eProcure-EPROC